પ્રાંતિજના મોયદ પ્રાથમિક શાળાના બાળકો મોતના મુખમાં ભણતર લઇ રહ્યાં છે

શાળાને નોનયુઝ જાહેર કર્યા પછી પણ છત નીચે ભણતર : ૧ થી ૫ ધોરણના ૬૪ બાળકો જીવના જોખમે ભણતર મેળવે છે

પ્રાંતિજ તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના મોયદ ખાતે આવેલ શ્રી મોયદ નાથાજી ગુજરાતી પ્રાથમિક શાળા ના બાળકો મોત ના મુખમાં ભણતર લઈ રહ્યાં છે તો શાળા ને છેલ્લા એક વર્ષથી નોન યુઝ જાહેર કર્યા બાદ પણ ૬૪ બાળકો જીવના જોખમે ભણતર મેળવે છે .

પ્રાંતિજ તાલુકા ના મોયદ ખાતે આવેલ શ્રી મોયદ નાથાજી પ્રાથમિક શાળા ના બાળકો મોત ના મુખમાં ભણતર લઈ રહ્યાં છે છેલ્લા એક વર્ષથી આખી શાળા નોનયુઝ કરવામાં આવી છે અને શાળા નો એક રૂમ તો જમીન દોષ કરી દેવામાં આવ્યો છે તો હાલ શાળા માં બે રૂમ તથા એક સિનટેશ નો રૂમ આવેલ છે જેમાં બન્ને રૂમ તથા સિનટેશ ના રૂમ ને પણ નોનયુઝ જાહેર કર્યા છે તો શાળા માં આવેલ બન્ને રૂમ ની હાલત દયનીય છે દિવાલો ઉપર ચારેય

બાજુ જયા જુઓ ત્યાં ઉપરથી નીચે સુધી મોટી મોટી તિરાડો જોવા મળે છે તો ધાબા ની છત ઉપર થી અવારનવાર ચાલુ શાળાએ પોપડા પડે છે તો છત ઉપર સળીયા પણ દેખાય છે અને સળીયા પણ ખવાઇ ગયા છે તો ચોમાસા માં તો અહી રૂમોમાં પાણી પડે છે તો શાળા માં બનાવેલ સિનટેશ નો રૂમ ની પણ હાલત દયનીય છે ચારે બાજુ ગરમી થી ખરાબ થઇ ગયું છે તો વચ્ચે આવેલ છત તો નીચે પડુ પડું થઇ રહી છે તો પણ શાળા ના શિક્ષિકો દ્વારા શાળા માં ૧ થી ૫ ધોરણ માં અભ્યાસ કરતાં ૬૪ બાળકો ને આ છત નીચે ભણાવે છે તો શાળા નો બનાવેલ વરડો પણ પડું પડું થઇ રહ્યો છે તો આ શાળા માં ગમે ત્યારે અકસ્માત સર્જાય શકે છે તેવુ શાળા ના શિક્ષિકો તથા તંત્ર ને જાણ હોવા છતાં હાલતો આખ આડા કાન કરવામાં આવી રહ્યા છે અને કોઇ અન્ય જગ્યાએ કે કોઇ બીજી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવતી નથી તો આ અંગે શાળા મુખ્ય શિક્ષિકા તથા શાળા ના શિક્ષિકો ને પુછતાં તેવોએ કેમેરા સામે આવવાની કે કોઇપણ બોલવાની ના પાડી હતી તો હાલતો આ પ્રાથમિક શાળા માં અભ્યાસ કરતાં ૬૪ બાળકો પોતાના જીવના જોખમે ભણતર લઇ રહ્યાં છે ત્યારે ના કરે નારાયણ ને કઇ ધટના બનશે તો જવાબદાર કોન ?

ગ્લોબલ પાટીદાર સમિટને પગલે આજે 'એક શામ અપનો કે નામ' કાર્યક્રમ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહને આમંત્રણ અપાયુ : દેશ-દુનિયાના ૨૨ હજારથી વધુ બિઝનેસમેન સહિતના મહાનુભાવો હાજર રહેશે

અમદાવાદ, તા. ૧૪

૨૦૧૮માં પાટીદાર ગ્લોબલ બિઝનેસ સમીટની સફળતા બાદ આ વખતે આગામી તા. ૩ થી ૫ જાન્યુઆરી, ૨૦૨૦ દરમ્યાન ગાંધીનગરના હેલીપેડ ખાતે ગત વખત કરતાં સાત ગણી મોટી ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમીટનું આયોજન કરવામાં આવ્યુ છે. જેનુ ઉદ્‌ઘાટન પ્રસંગ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહપ્રધાન અમિત શાહને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે, જો કે તેમના સમય અને કાર્યક્રમોમાંથી સમયને અનુરૂપ તેમની હાજરીની અપેક્ષા છે. અલબત્ત, આ પાટીદાર ગ્લોબલ સમીટમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિતના મહાનુભાવો પણ ખાસ હાજર રહેશે. આગામી તા. ૩ થી ૫ જાન્યુઆરી, ૨૦૨૦ દરમ્યાન ગાંધીનગર હેલીપેડ ખાતે આ સમીટમાં આશરે એક લાખ ચો.મી. જગ્યામાં ૧૪ વિશાળ ડોમમાં જુદા જુદા સેક્ટરના પ્રદર્શનને રજૂ કરવામાં આવશે. એમ અત્રે સરદારધામના પ્રમુખ ગગજી સુતરીયા અને મહામંત્રી જશવંત પટેલે જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ સમીટ પહેલા પ્રમોશનલ કાર્યક્રમના ભાગરૂપે આવતીકાલે તા. ૧૫મી ડિસેમ્બરે સાંજે ૪.૩૦ વાગે એસજી હાઈવે પર રાજપથ ક્લબ ખાતે એક શામ અપનો કે નામ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમીટને સ્પોન્સર કરનારા સ્પોન્સરર્સ, ૭૦૦થી વધુ સ્ટોલના ધારકો, ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમીટના હોદ્દેદારો, સરદારધામ અને ભગિની સંસ્થાના ટ્રસ્ટીઓ, આગેવાનો સહિતના મહાનુભાવો હાજરી આપશે અને આગામી સમીટને લઈ મહત્વની ચર્ચા વિચારણા અને તેને સફળ બનાવવાની રૂપરેખા નક્કી કરશે. આવતીકાલે ઉપસ્થિત રહેનારા મહાનુભાવોમાં શ્રી ઉમિયાધામ ગોરેગાંવ, મુંબઈના પ્રમુખ નારણભાઈ જી. પટેલ, ગણપત યુનિવર્સિટી, ખેરવાના ચેરમેન પદ્મશ્રી ગણપતભાઈ પટેલ, કનુભાઈ એમ. પટેલ, પી.એસ. પટેલ, અડાલજ અન્નપૂર્ણા ધામના ચેરમેન રવજીભાઈ પી. વસાણી અને રમેશભાઈ મેશીયાનો સમાવેશ થાય છે.

સરદારધામના પ્રમુખ ગગજી સુતરીયા અને મહામંત્રી જશવંત પટેલે વધુમાં ઉમેર્યુ હતુ કે આગામી તા. ૩ થી ૫ જાન્યુઆરી, ૨૦૨૦ દરમ્યાન ગાંધીનગર હેલીપેડ ખાતે યોજાઈ રહેલા આ સમીટને લઈ અત્યાર સુધીમાં ૧૧ પ્રમોશનલ કાર્યક્રમો યોજાઈ ગયા છે. સામાજિક સમરસતાના ભાગરૂપે તમામ સમાજને સાથે રાખીને આ વિશાળ ગ્લોબલ સમીટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અંદાજીત ૧૦૫૦ જેટલા સ્ટોલ્સ ઉભા કરાશે. આ સમીટમાં સાત લાખથી વધુ મુલાકાતીઓ આ સમીટની મુલાકાત લેશે.

લાંભા પાસે ૩૨.૮૩ લાખથી વધુનો ઈંગ્લીશ દારૂ ઝડપાયો

તા.૩૧મી ડિસેમ્બરને આડે હવે ૧૫ દિવસ જ બાકી રહ્યા હોવાથી શહેરમાં દારૂની હેરાફેરી વધવા લાગી છે. આજે એસપી રિંગ રોડ પર અસલાલી સર્કલથી કમોડ સર્કલ વચ્ચે લાંભા કટ નજીકથી રૂ. ૩૨ લાખ ૮૩ હજાર ૨૦૦ની કિંમતનો ૬૮૪ પેટી ઈંગ્લીશ દારૂ ઝડપાતાં ભારે ચકચાર મચી ગઈ હતી. પોલીસે કન્ટેનર સહિત રૂ. રૂ.૪૭ લાખ ૮૩ હજાર ૭૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી હતી. બીજીબાજુ, થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરની ઉજવણીને લઈ શહેરમાં દારૂની હેરાફેરી વધતાં પોલીસ પણ એલર્ટ થઈ ગઈ છે અને સતત ચાંપતી નજર રાખી રહી છે. એલસીબી લાંભા ગામની સીમ ખાતે વાહન ચેકિંગ કરી રહી હતી તે દરમ્યાન ફોર વ્હીલ ગાડી તથા કોમર્શીયલ ટેમ્પો ચેક કરતા હતા ત્યારે અસલાલી સર્કલ તરફથી એક કન્ટેનર ટેમ્પાની પાછળ આવીને ઉભું રહ્યું અને પોલીસ ચેકીંગની જાણ થતા ડ્રાઈવર કન્ટેનર છોડીને ભાગવા લાગ્યો હતો. જેથી એલસીબીએ તેનો પીછો કર્યો પણ તે હાથમાં આવ્યો નહોતો. ત્યારબાદ એલસીબીએ કન્ટેનરનું લોક તોડી તપાસ કરતા કન્ટેનરમાંથી પાર્ટી સ્પેશિયલ માર્કાની ૭૫૦ મિ.લી.ની ૮૨૦૮ બોટલ સાથે ૬૮૪ પેટી ઝડપી લીધી હતી. જેની કિંમત રૂ. ૩૨ લાખ ૮૩ હજાર ૨૦૦ જેટલી આંકવામાં આવી હતી. જ્યારે કન્ટેનરની કિંમત રૂ.૧૫ લાખ અને રૂ.૫૦૦નો મોબાઈલ મળી પોલીસે કુલ રૂ.૪૭ લાખ ૮૩ હજાર ૭૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. તેમજ કન્ટેનર(એચઆર૩૮કયુ ૪૦૬૫)ના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેરમાંથી છેલ્લા બે વર્ષમાં રૂ.૨૫ કરોડ ૮ લાખ ૬૮ હજાર ૫૧૯ની કિંમતની ૮ લાખ ૩૯ હજાર વિદેશી દારૂની બોટલ પકડાઈ છે. જ્યારે રૂ.૪૭ લાખ ૪૯ હજાર ૨૦ની કિંમતના ૨ લાખ ૩૭ હજાર ૪૫૧ લિટર દેશી દારૂ ઝડપાવા સાથે અમદાવાદ પ્રથમ નંબર પર હોવાની વાત પણ તાજેતરમાં વિધાનસભા ગૃહમાં સામે આવી હતી. જેને લઈ વિપક્ષ કોંગ્રેસે ગુજરાતમાં દારૂબંધીની વાતો માત્ર કાગળ પર જ રહેતી હોવાના ગંભીર આક્ષેપો કર્યા હતા.

મોડાસાની એન્જિનીયરીંગ કોલેજનો વિદ્યાર્થી ગુમ

પોલીસે કહ્યું "થોભો અને રાહ જુઓ" પરિવારજનોએ જાતે શોધખોળ હાથ ધરી

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાને જાણે નજર લાગી હોય તેવી સ્થિતિ પેદા થઈ છે. છેલ્લા કેટલાય સમયથી ચોરી લૂંટ અને બંધક બનાવવા જેવી ઘટનાઓ અરવલ્લી જિલ્લામાં બની રહી છે. ત્યારે એક આશાસ્પદ યુવક મોડાસામાંથી ગુમ થતાં પરિવારજનો ચિંતાતુર બન્યા છે. પરિવારજનોએ દીકરાના ગુમ થયાની ફરિયાદ બાયડ પોલીસ સ્ટેશન ખાતે કરી તો છે, પરંતુ પોલીસ થોભો અને રાહ જુઓની સલાહ આપી રહી છે. દીકરાના ગૂમ થયા બાદ પરિવારજનો શોધખોળમાં લાગી ચૂક્યા છે. પરિવારજનોએ મોડાસા ખાતેથી સીસીટીવી ફૂટેજ શોધી કાઢ્યા, જેમાં ગુમ થયેલ યુવક ધવલ મકવાણા જોવા મળ્યો હતો.

બાયડ તાલુકાના ડેમાઈ ગામે રહેતા ધવલ મકવાણા તારીખ ૧૨ ડીસેમ્બર ૨૦૧૯ના રોજ મોડાસા ખાતે કોલેજ જવાનું કઈ નીકળ્યો હતો. જોકે ત્રણ દિવસ સુધી તેઓ

પરત ન ફરતા પરિવારજનોને બાયડ પોલીસ સ્ટેશને જાણ કરી છે. ધવલ મકવાણા મોડાસાની સરકારી એન્જિનિયરિંગ કોલેજમાં નોકરી કરતો હતો અને તેને અગાઉ એટીકેટી આવેલ હોય ઘરે બેસી અભ્યાસ કરતો હતો અને પરીક્ષા હોય ત્યારે તે મોડાસા કોલેજમાં જતો હતો. ગુમ થયેલ યુવક ધવલ મકવાણા કોલેજ જવાનું કહીને મોડાસાથી નીકળ્યો પરંતુ ઘરે પરત ન ફરતા પરિવારજનોએ તેની શોધખોળ ચાલુ રાખી છે. પરિવારજનોની શોધખોળ કરતા મોડાસા લક્ષ્મી શોપિંગ સેન્ટરમાં લાગેલા સીસીટીવી તે જોવા મળ્યો હતો.

આ સમગ્ર મામલે પરિવારજનોએ બાયડ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે પણ હજુ સુધી પોલીસ ગુમ થયેલ યુવકના કૉલ ડીટેલ્સની રાહ જોઈ રહી છે. તો બીજી બાજુ પરિવારજનોએ યુવકના સીસીટીવી ફૂટેજ શોધીને પોલીસને આપ્યા છે. સીસીટીવી ફૂટેજ આપવા છતાં હજુ સુધી પોલીસ આ મામલે આગળ વધી શકી ન હોય તેવું લાગી રહ્યું છે, ત્યારે પોલીસ તપાસ ક્યારે આગળ વધારે છે તે એક સવાલ છે.

એમોનીયા ગેસ લીકેજ સંદર્ભે બનાસડેરી ખાતે મોકડ્રિલ યોજાઈ

કોઈપણ આપત્તિના સમયે તેમાંથી બચવા માટેનું આગોતરૂ આયોજન હોય તો આપત્તિની અસરો ઘટાડી શકાય છે. એશિયાની નામાંકિત બનાસડેરીના પાલનપુર ખાતેના રેફ્રીજરેશન પ્લાન્ટમાં એમોનીયા ગેસ લીક થયો હોવાના અહેવાલ સંદર્ભે આજે સેફ્ટી મોકડ્રિલ યોજવામાં આવી હતી. જેમાં નેશનલ ડીઝાસ્ટર રેસ્ક્યુ ફોર્સ ગાંધીનગર અને જિલ્લાની વિવિધ એજન્સીઓ જેવી કે ડીઝાસ્ટર મેનેજમેન્ટ પાલનપુર, નગરપાલિકા પાલનપુર, ફાયરબ્રિગેડ, ૧૦૮ ઈમરજન્સી સેવા, એચ.પી.સી.એલ. ચંડીસર, આઈઓસીએલ સિદ્ધપુર, એચ.એમ.પી.એલ. દિયોદરના સંકલનથી મોકડ્રિલ યોજીને આપત્તિના સમયે બચાવની કામગીરીનો ખ્યાલ આપવામાં આવ્યો હતો. બનાસડેરીના મેનેજમેન્ટ અને બનાસડેરીની સેફ્ટી કમીટીએ તમામ એજન્સીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

મહેસાણા જિલ્લાકક્ષાના વિજેતા ખેલાડીઓનો પ્રમાણપત્ર અને ઈનામ વિતરણ સમારોહ યોજાયો

મહેસાણા, તા. ૧૪

ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ સ્પર્ધામાં વિજેતા થયેલા ખેલાડીઓને સમગ્ર

રાજયમાં પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. મહેસાણા જિલ્લામાં ખેલ મહાકુંભમાં ૧,૮૬,૩૭૮ ખેલાડીઓ દ્વારા રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. જેમાંથી જિલ્લામાં ૩૦૮૦ વિજેતા ખેલાડીઓને રૂ. ૫૨,૭૮,૦૦૦નો પુરસ્કાર આપવામાં આવ્યો હતો. વિજેતા ખેલાડીઓને પુરસ્કાર ડી.બી.ટી. દ્વારા ખેલાડીઓના બેન્ક ખાતામાં જમા કરવામાં આવે છે.

આ પ્રસંગે અધ્યક્ષસ્થાનેથી સાસંદ શારદાબેન પટેલે ખેલાડીઓને પ્રોત્સાહિત કરતા કહ્યું કે રમશે ગુજરાત, જીતશે ગુજરાતના માધ્યમથી રાજયના યુવા ખેલાડીઓને પ્રેરક બળ પુરૂ પડાયું છે. ખેલમહાકુંભના પ્રયાસોથી ગુજરાત રમત-ગમત ક્ષેત્રે પ્રગતિના શિખરો સર કરી રહ્યું છે.

ધારાસભ્ય રમણભાઈ પટેલે જણાવ્યું હતું કે ખેલ મહાકુંભના આયોજન થકી રાજયમાં દર વર્ષે ખેલાડીઓની સંખ્યામાં વધારો થાય છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેઓએ શરૂ કરેલી ખેલ મહાકુંભ સ્પર્ધામાં સરકારશ્રીના વિશેષ માર્ગદર્શન સાથે રમતોમાં પણ વધારો થઈ રહ્યો છે.

કાર્યક્રમમાં જિલ્લાકક્ષાએ પ્રથમ વિજેતા વી.આર. કર્વે પ્રોગેસીવ હાઈસ્કુલ મહેસાણાને રૂ.૧,૫૦,૦૦નો ચેક અને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત દ્વિતીય અને તૃતિય કક્ષાએ વિજેતા શાળાઓને સન્માનીત-પ્રોત્સાહિત કરાઈ હતી. રાજ્યકક્ષાએ પ્રથમ વિજેતા હેન્ડબોલ અને રસ્સાખેંચના ખેલાડીઓનું ટ્રોફી દ્વારા સન્માન કરાયું હતું.

ટીંટોઈ રોડ નજીક શૌચક્રિયા કરતા વિકલાંગ પર ટેન્કર મોત બની ખાબક્યું

અરવલ્લી જીલ્લામાં અકસ્માતમાં મોત નિપજાવાની ઘટનાઓનો ગ્રાફ સતત ઉંચકાઈ રહ્યો છે. મોડાસા-શામળાજી રોડ પર આવેલા ટીંટોઈ ગામ નજીક એકટીવા પર પસાર થતા બે વ્યક્તિઓ શૌચક્રિયા માટે ઉભા રહ્યા હતા. મોડાસા તરફથી આવતી ટેન્કરનું ટાયર ફાટતા ટેન્કર પલટી ખાતા શૌચક્રિયા કરવા ઉભેલા બે વ્યક્તિઓ પર ખાબકતા એક વ્યક્તિ વિકલાંગ હોવાથી દોડી ન શકતા ટેન્કર સાથે ઢસડાતા કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માતની કરુણતા તો એ હતી કે મોત સામે હતું પરંતુ વિકલાંગ હોવાથી દોડી ન શકતા ટ્રક-ટેન્કર રૂપી મોત ભરખી જતા ચકચાર મચી હતી. અકસ્માતના પગલે દોડી આવેલી શામળાજી પોલીસે મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મોડાસાના હઠીપુરા ગામના રમેશભાઈ પાંડોર અને અરવિંદભાઈ વાલમભાઈ પગી એક્ટિવા લઈ કામકાજ અર્થે નીકળ્યા હતા. ટીંટોઈ નજીક આવેલા લાલપુર ગામ પાસે શૌચક્રિયા માટે ઉભા રહ્યા હતા. મોડાસા તરફથી આવતા ટેન્કર ચાલકે ટ્રક-ટેન્કરનું ટાયર ફાટતા સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા પલટી જતા શૌચક્રિયા કરવા ઉભેલા અરવિંદભાઈ વાલમભાઈ પગીને ટક્કર મારી ઢસડાતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું, જયારે ટેન્કર પલટાતું જોઈ રમેશભાઈ પાંડોર બાજુમાં ખસી દોડી જતા આબાદ બચાવ થયો હતો. શામળાજી પોલીસે રમેશભાઈ પંડોરની ફરિયાદના આધારે ટ્રક-ટેન્કર ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મહેસાણાના આંબલિયાસણ ગામે સરકારની લોકકલ્યાણની યોજનાઓની સહાય વિતરણ સમારોહ કાર્યક્રમ યોજાયો

મહેસાણા, તા. ૧૪

મહેસણા તાલુકાના આંબલિયાસણ ગામે સહાય વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે સરકાર ગરીબો અને વંચિતોના વિકાસ માટે કામ કરી રહી છે. સરકાર આ પ્રકારના વિવિધ કાર્યક્રમો થકી આપણા આંગણે આવીને વંચિતોના જીવનમાં પરીવર્તન આવ્યું છે તેમ જણાવ્યું હતું. નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે ઉમેર્યુ હતું કે સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસ સાથે સમાજના તમામ વર્ગોના કલ્યાણ થાય તે સરકારની પ્રાથમિકતા રહી છે. સામાન્ય માણસને આરોગ્ય, શિક્ષણ સહિત માળખાકીય સુવિધાઓ મળી રહે તે માટેનો સરકારે સંવેદનશીલ અભિગમ અપનાવ્યો છે.

નાયબ મુખ્યમંત્રી પટેલે જણાવ્યું હતું કે સંવદેશીલતા, પારદર્શકતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતાના ચાર મહત્વપુર્ણ આધારો પર સરકારે જનવિકાસના પરીણામલક્ષી નિર્ણયો લીધા છે. વિધવા સહાયમાં વધારો કરીને માસિક રૂ.૧૨૫૦ સહાય



આપવાની શરૂઆત સહિત અનેક નિર્ણયો થકી છેવાડાના માનવીનો વિકાસ થયો છે.

મહેસાણા તાલુકાના આંબલિયાસણ સામે યોજાયેલ વિવિધ યોજનાઓની માહિતી, માર્ગદર્શન અને સહાય વિતરણ કાર્યક્રમમાં જિલ્લાની ૧૦૩૩ વિધવા મહિલાઓને સહાય આદેશ, ૭૩ નિરાધાર વૃધ્ધ સહાય અંતર્ગત વડીલજનોને સહાય આદેશ. ૯૯૯ રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાર્ડ, ૫૦૧ આયુષ્યમાન ભારત કાર્ડ, ૧૫ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આદેશ સ્થળ પર આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં સ્થળ પર આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્ય ચેકઅપ કેમ્પ, આર્યુવેદિક ઉકાળા કેમ્પનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત સ્થળ પર વિવિધ યોજનાકીય માહિતી અને માર્ગદર્શનના સ્ટોલ મુકવામાં આવ્યા હતા.

સ્ફોટક સ્થિતી...

● પહેલા પાનાનું ચાલુ

સ્થિતી બનેલી છે. ઉત્તરપૂર્વીય રાજયોમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હોવા છતાં હિંસક પ્રદર્શન જારી છે. સંચારબંધી હોવા છતાં તેના ભંગ કરીને દેખાવો કરનાર લોકો પોલીસ સાથે તથા સુરક્ષા દળો સાથે હિંસક પ્રદર્શનમાં ઉતરી રહ્યા છે. બંગાળમાં પણ હવે વિરોધ પ્રદર્શન તીવ્ર બનતા જનજીવન પર અસર થઈ રહી છે. આસામના પાટનગર ગુવાહાટીમાં સેના અને આસામ રાઈફલ્સની આઠ ટીમો તૈનાત કરવામાં આવી છે. ગુવાહાટીમાં સચારબંધી આજે હળવી કરવામાં આવી છે. કોહિમાં પણ બંધની હાકલ કરવામાં આવી છે. છ કલાકના બંધની શરૂઆત થયા બાદ સુરક્ષા મજબુત કરવામાં આવી છે. આસામના ૧૦ જિલ્લામાં મોબાઈલ ઈન્ટરનેટ સેવા પણ પૂર્ણ રીતે બંધ કરી દેવામાં આવી છે. બીજી બાજુ ત્રિપુરામાં પણ હાલત કફોડી બની રહી છે. ત્રિપુરામાં વિરોધ પ્રદર્શન જારી છે. આસામ રાઈફલ્સના જવાનોને ત્યાં તૈનાત કરવામાં આવ્યા છે. આસામ રાઈફલની એક એક ટુકડીને ત્રિપુરાના કંચનપુરા અને મનુમાં તૈનાત કરવામાં આવી છે. પરીક્ષાને સ્થગિત કરવામાં આવી છે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. આસામમાં તો કેટલીક ફલાઈટો રદ કરવામાં આવી છે.નાગરિક સુધારા બિલને લઈને દેશના કેટલાક ભાગોમાં વિરોધ પ્રદર્શન અને હિંસા જારી છે. આસામમાં સૌથી વિસ્ફોટક સ્થિતિ સર્જાઈ ગઈ છે. પ્રદર્શન વધુ તીવ્ર બનતા અનેક ટ્રેનોને રદ કરવામાં આવી છે. સેનાને પણ બોલાવવાની ફરજ પડી છે.જોરહાટ, ગોલાઘાટ, ડિબ્રુગઢ, તીનસુકિયા, શિવસાગર, સોનીતપુર સહિતના વિસ્તારોમાં લોકો હિંસા ઉપર ઉતરી આવ્યા છે. આસામ ઉપરાંત દેશના અન્ય ભાગોમાં પણ વિરોધ પ્રદર્શન જારી છે. ડિબ્રુગઢમાં સ્થિતિ વણસી ગઈ છે. પોલીસે દેખાવકારો ઉપર રબરની ગોળીઓ ચલાવી હતી. લાઠીચાર્જ પણ કર્યો હતો. દરમિયાન કેન્દ્ર સરકારે જમ્મુ કાશ્મીરમાં તૈનાત કરવામાં આવેલા અર્ધલશ્કરી દળના જવાનોને પરત બોલાવવાની શરૂઆત કરી દીધી છે. આ જવાનોને આસામ મોકલી દેવામાં આવ્યા છે. જમ્મુ કાશ્મીરમાં તૈનાત રહેલી સીઆરપીએફની ૧૦ કંપનીઓને આસામ મોકલી દેવામાં આવી છે. જમ્મુ કાશ્મીરમાંથી ૨૦ કંપનીઓને આસામ મોકલવાનો નિર્ણય કરાયો છે.

માફી નહીં માંગુ...

● પહેલા પાનાનું ચાલુ

માંગશે નહીં. રાહુલે કહ્યું હતું કે તેમનું નામ રાહુલ સાવરકર નથી બલકે રાહુલ ગાંધી છે. રેપને લઈને રાહુલ ગાંધી દ્વારા આપવામાં આવેલા નિવેદનની સામે ભાજપની મહિલા સાંસદોએ શુક્રવારના દિવસે ગૃહમાં ભારે હોબાળો મચાવ્યો હતો. ભારતીય જનતા પાર્ટીએ આને લઈને ફરિયાદ પણ કરી હતી. રાહુલ ગાંધીએ આજે આ મુદ્દા ઉપર જવાબ આપ્યા હતા. તેમણે કહ્યું હતું કે, માફી તો મોદી અને અમિત શાહે માંગવી જોઈએ. કારણ કે આ લોકોએ દેશને નુકસાન પહોંચાડ્યું છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષે કહ્યું હતું કે, મોદી સરકાર ખોટુ કહી રહી હતી કે, સ્વિસ બેંકમાંથી પૈસા લાવવાના છે અને બ્લેક મની સામે લડવાની જરૂર છે. હકીકતમાં ગરીબોના ખિસ્સામાંથી પૈસા કાઢીને અંદાણી અને અંબાણીના ખિસ્સામાં નાખી દેવામાં આવ્યા છે. રાહુલ ગાંધીએ જીએસટીને લઈને સરકાર પર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, જે નાણા બચ્યા હતા મોદી સરકારે ગબ્બરસિંહ ટેક્સ મારફતે અર્થતંત્રને ખતમ કરી દીધું છે. વડાપ્રધાને રાત્રે બાર વાગે ગબ્બરસિંહ ટેક્સ લાગુ કરવાની જાહેરાત કરી હતી. છેલ્લા ૪૫ વર્ષમાં સૌથી વધારે બેરોજગારી આજના દોરમાં છે. જીડીપી ગ્રોથ ૯ ટકાથી ઘટીને ચાર ટકા થયો છે. જીડીપી નક્કી કરવા માટેના પ્રમાણપત્ર પણ બદલાઈ ગયા છે.

ગંગા સફાઈ...

● પહેલા પાનાનું ચાલુ

બેઠક બાદ વડાપ્રધાને ગંગા પર આ યોજનાના પ્રભાવને જોવા માટે નૌકાવિહાર કર્યું હતું. સાથે સાથે મોદીએ અટલઘાટ પહોંચીને સ્ટીમર મારફતે ગંગાની સફાઈ કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું. ગંગા કાઉન્સિલની બેઠકમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત અને બિહારના નાયબ મુખ્યમંત્રી સુશીલ મોદી પણ ઉપસ્થિત રહ્યા હતા. મોદીએ નૌકાવિહાર મારફતે કાનપુરના સિસામઉનાળાની વાસ્તવિકતા નિહાળી હતી. આ પહેલા ગંગા કાઉન્સિલની બેઠક બાદ મોદીએ જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. ટ્રાફિક વ્યવસ્થા પહેલાથી જ મજબુત કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું હતું કે, નદીઓમાં પ્રદુષિત તત્વો નાખવાની પ્રક્રિયા બંધ થવાથી જળમાં ઉલ્લેખનીય ફેરફાર જોવા મળશે. તેમણે ઉમેર્યુ હતું કે, સંબંધિત વિભાગોને કડક સુચના આપવામાં આવી છે. મોદીએ આજે જુદા જુદા પાસાઓ પર ધ્યાન આપ્યું હતું.

અમૂલ દૂધ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લેવામાં આવ્યો છે. દૂધની માંગમાં પણ વૃદ્ધિ થઈ હોવાનુ જાણવા મળેલ છે.

ડેરી સત્તાવાળાઓએ જણાવ્યુ છે કે પશુ આહારના કાચા માલના ભાવ અને મજૂરી ખર્ચમાં વધારો થવાના કારણે દૂધ ઉત્પાદન ખર્ચ વધ્યો છે. ગુજરાતની ડેરી સહકારી મંડળીઓ સાથે ૩૬ લાખ ખેડૂત પરિવારો જોડાયેલા છે અને આ ભાવ વધારાનો સીધો લાભ ખેડૂતોને મળશે.

એસ.ટી. ડેપો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થિત એસ ટી ડેપોમાં હજુ મુસાફરોની સલામતી અને સુવિધાનો ભારોભાર અભાવ વર્તાઈ રહ્યો છે. જયારે મોડેલ ડેપો બનાવવાની યોજના પણ લાંબા સમયથી વિસરાઈ છે. બરોડા અને રાણીપની જેમ ગાંધીનગરના ડેપોને વિકસાવવા માટે લાંબા સમયથી વાતો થાય છે. પરંતુ હજુ સુધી કાંઈ થયુ નથી. જયારે હવે આ મામલે આયોજન હાથ ધરવા માટે ગતિવિધિઓ આરંભી દેવામાં આવી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ગાંધીનગર ડેપોને મોડેલ ડેપો બનાવવા માટેની સક્રીય વિચારણા હાથ ધરાઈ હોવાના સંકેતો મળ્યા છે. જેમાં ડેપો સંકુલમાં અદ્યતન શોપિંગ સેન્ટર સહીત મુસાફરો માટે આનુસંગિક સુવિધાઓ અને સલામતીની વ્યવસ્થા પણ ગોઠવાશે નગરમાં એસ ટી ડેપોમાં અત્યાર સુધી મોટામસ ખાડાઓ, ગંદકી અને દુવિધાઓ સિવાય કાંઈ નજરે પડતુ નથી ત્યારે એસ ટી ડેપાને અદ્યતન બનાવાની યોજનાના અમલ બાદ મુસાફરોને સલામત સવારી સાથે અદ્યતન સુવિધા પણ મળી રહેશે.

પરીક્ષા રદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રદ કરવામાં આવતા ઉમેદવારોમાં અનેક તર્કવિતર્ક સર્જાયા છે. હવે વિદ્યુત સહાયકની રદ થયેલી પરીક્ષા સંદર્ભે ઉર્જા વિભાગે ખુલાસો કરીને સત્તાવાર જાહેરાત કરી છે.

ઉર્જા વિભાગ દ્વારા કહેવામાં આવ્યું છે કે આ ભરતી માટેની નવી જાહેરાત એક સપ્તાહની અંદર બહાર પડશે. પહેલાં કુલ ૮૫૦ જગ્યાઓ માટે ભરતી હતી પણ હવે ૧૫૦૦થી વધુ જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરવામાં આવશે. હવે નવી જાહેરાતમાં ઈઉજીના નિયમોનો અમલ કરવામાં આવશે. આ સિવાય એન્જિનિયરિંગ માટે લઘુતમ લાયકાત ૫૫ ટકા કરવામાં આવી છે. વિદ્યુત સહાયકની ભરતીમાં અગાઉ ૬૦% નું ધોરણ હતું પણ હવે ૫૫% નું ધોરણ નિયત કરવામાં આવ્યું છે.

પરીક્ષા રદ કરવા વિશેની વધુ માહિતી ..ૡપ્તદૃષ્ઠદ્ઘ.ર્ષ્ઠદ્બ વેબસાઈટ પર મૂકવામાં આવી છે. થોડા જ સમયમાં આ અંગેની બીજી જાહેરાત પણ બહાર પાડવામાં આવશે. મળતી માહિતી પ્રમાણે આ ભરતી માટેની જે લાયકાત નક્કી કરવામાં આવી હતી તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે. તેના કારણે આ ભરતી પરીક્ષા રદ કરવામાં આવી છે.